# ટેન્ડર કમ જાહેર હરાજી (બીજો પ્રયત્ન)

રાજ્ય ચૂંટણી પંચના કાર્યાલયનાં નીચે જણાવેલ મારૂતી એસ્ટીમ વાહન નં. જીજે–૧૮–જી–૧૨૪૨, જે હાલતમાં છે તે જ હાલતમાં, ટેન્ડર કમ જાહેર હરાજી કરી વેચવાની છે. રસ ધરાવતા ઈસમોએ સદરહું વાહનની ખરીદ કિંમતનું ટેન્ડર મોડામાં મોડું તા.૨૬–૪–૨૦૧૨ સુધીમાં મળે તે રીતે સંયુકત સચિવ, રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નંબર.૯, ૬ ઠ્ઠો માળ, નવા સચિવાલય, ગાંધીનગરને સીલબંધ કવરમાં રજી. પોષ્ટ એ.ડી.થી મોકલી આપવાના રહેશે. સીલબંધ કવરો તા.૨૭–૪–૨૦૧૨ ના રોજ સવારે ૧૨–૩૦ કલાકે ઠેકેદારોની હાજરીમાં ખોલી ગાડીની જાહેર હરાજી કરવામાં આવશે. વેચાણની ગાડી જાહેર રજાના દિવસો સિવાય કચેરી સમય દરમ્યાન નવા સચિવાલય, બ્લોક નંબર.૯,ના પાર્કીંગ શેડમાં જોઈ શકાશે. હરાજી માટેની અન્ય શરતો/બોલીઓ કચેરીના નોટીસ બોર્ડ / વેબસાઈટ (http://sec.gujarat.gov.in) ઉપર જોઈ શકાશે તેમજ હરાજી સમયે વાંચી સંભળાવવામાં આવશે.

વધુ માહીતી માટે આ કચેરીના સંયુકત સચિવશ્રીનો સંપર્ક કરવો.

| અ. નં. | વાહનનો પ્રકાર | વાહન રજીસ્ટ્રેશન નંબર | વાહનની નકકી થયેલ તળિયાની કિંમત |
|---|---|---|---|
| ૧ | મારૂતી એસ્ટીમ – એલ એકસ | જીજે–૧૮–જી–૧૨૪૨ | રૂા.૬૨,૫૦૦/– |

(વાય. એન. બારોટ)
સંયુકત સચિવ
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર

તા.૨૯–૩–૨૦૧૨
સ્થળ : ગાંધીનગર

## રાજય ચૂંટણી પંચના વાહન નં. જીજે-૧૮-જી-૧૨૪૨ (મારૂતી એસ્ટીમ) ની જાહેર હરાજીની બોલીઓ અને શરતો :-

(૧) વાહન ખરીદીમાં રસ ધરાવતા ઈસમોએ વાહનની ખરીદ કિંમતનું ટેન્ડર મોડામાં મોડું તા.૨૬-૪-૧૨ સુધીમાં મળે તે રીતે સંયુકત સચિવ, રાજય ચૂંટણી આયોગ, બ્લોક નંબર.૯, ૬ઠ્ઠો માળ, નવા સચિવાલય, ગાંધીનગરને સીલબંધ કવરમાં રજીસ્ટર એ.ડી.પોસ્ટથી મોકલી આપવાના રહેશે.

(૨) હરાજીમાં ભાગ લેનાર ઈસમો તરફથી રજૂ થયેલ સીલબંધ કવરોતા.૨૭-૪-૧૨ ના રોજ ૧૨-૩૦ કલાકે ખોલવામાં આવશે.

(૩) હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા ઈસમોએ પ્રથમ ઉકત વાહનની તળીયાની કિંમત રૂા.૬૨,૫૦૦/- ના ૧૦ % મુજબ ડીપોઝીટની રકમનો ડી.ડી. "સંયુકત સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ,ગાંધીનગરના નામનો તા....-૪-૧૨ ના રોજ આ કચેરીમાં ૧૧-૦૦ કલાકે રજુ કરવાના રહેશે.

(૪) જે ઈસમો તરફથી સીલબંધ કવર ટેન્ડર મોકલ્યા હશે અને ડીપોઝીટ ભરપાઈ કરેલ હશે તે જ ઈસમ જાહેર હરાજીમાં ભાગ લઈ શકશે.

(૫) સીલબંધ ટેન્ડરમાં જે ઈસમનો ભાવ સૌથી વધુ હશે તેનાથી હરાજીની બોલીની શરૂઆત કરવામાં આવશે.સૌથી ઉચું ટેન્ડર/બોલી સ્વીકારવા માટે પાત્ર રહેશે.

(૬) હરાજીમાં સૌથી ઉંચી બોલી બોલનાર વ્યકિત નિયત સમય મર્યાદામાં બોલીની રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ જશે તો તેની ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે અને ત્યાર પછીની નીચી બોલી બોલનાર વ્યકિતને અગ્રતા આપવા માટે વિચારણાં કરવામાં આવશે. અને તેમાં પંચનો નિર્ણય આખરી ગણાશે.

(૭) સીલબંધ ટેન્ડરમાં જે વ્યકિતના ભાવો વાહનની તળિયાની કિંમત કરતાં ઓછા હશે તે વ્યકિત હરાજીમાં ભાગ લઈ શકશે નહી.

(૮) જે આસામીનું ટેન્ડર/ બોલી સ્વીકારવામાં આવે તે આસામીએ બોલીની રકમના ૫૦ ટકા રકમ રોકડી જાહેર હરાજીના બીજે દિવસે ભરવાની રહેશે અને બાકીની રકમ પુરેપુરી રકમ દિન-૫માં નિયમોસરના વેરાની રકમ સાથે રાજય ચૂંટણી પંચમાં જમા કરાવવાની રહેશે.

(૯) ઓછી બોલી બોલનાર આસામીની ડીપોઝીટની રકમ હરાજીની કાર્યવાહી પૂર્ણ થયા બાદ પરત કરવામાં આવશે.

(૧૦) હરાજીમાં વાહન લેનારે સરકારી નિયમ પ્રમાણે વાહનના તથા બીજા કાગળોની કાર્યવાહી પોતાના ખર્ચે અને જોખમે કરાવવાની રહેશે.

(૧૧) આ વાહનની રજીસ્ટ્રેશન બુકમાં વાહન તેમના નામે નોંધાયા તથા બોલીની પુરેપુરી રકમ દિન-૫માં નિયમોનુસારના ટેકસ સાથે જમા કરાવ્યા બાદ વાહનનો કબજો સોંપવામાં આવશે.

(૧૨) હરાજી માન્ય રાખવા તથા અમાન્ય રાખવા અંગેનો આખરી નિર્ણય લેવાની સત્તા રાજય ચૂંટણી પંચના સચિવશ્રીની રહેશે.

( વાય. એન. બારોટ )
સંયુકત સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર